# ગઝલ

–હેમાંગ જોષી

## .1.

કોઈ એવો પડાવ આવે છે,
સૌ ઉપર ત્યારે ભાવ આવે છે.

હોય છે તીવ્ર ભાવ એ જ ક્ષણે,
જે ક્ષણે બહુ અભાવ આવે છે.

બોરડી પર તો કેરી ના લાગે !
વારસામાં સ્વભાવ આવે છે.

ઢીલ મુકે છે આ હૃદય સાલું,
ને મગજ પર તણાવ આવે છે.

આપણે માત્ર લાગી રહીએ, બસ,
આપમેળે લગાવ આવે છે.

## .2.

ઝાપટું એકાદ આવે તો ઘણું,
એને મારી યાદ આવે તો ઘણું.

મોગરો મનનો ફરી કોળી ઉઠે,
એટલો વરસાદ આવે તો ઘણું.

જાય છે એવો અબોલાનો સમય,
થાય છેઃ ફરીયાદ આવે તો ઘણું.

વાદ છે, વીવાદ છે, વીખવાદ છે,
બે ઘડી સંવાદ આવે તો ઘણું.

ભુલ કરવા હાથ તો પ્રેરાય; પણ,
ભીતરેથી સાદ આવે તો ઘણું.

## .3.

છે જ ભીતર, તો પછી ચેતાવને,
પ્રેમનો ગુગળ બધે ફેલાવને !

આંગણે ઉભો રહે, ગમતું નથી,
છે ઘણાંએ દ્વાર, અંદર આવને !

જીતવાનું છે ઘણું બાકી હજી,
માણસાઈની ધજા ફરકાવને !

જીવને સામે કીનારે શીવ રહે;
ત્યાં તમે સેતુ થઈ જોડાવને !

જાતમાં શું કામ અટકે જાતરા ?
'જોષી' ઝળહળતી ગઝલ પ્રગટાવને !

## .4.

હોય છે બસ, કાગળો બે–ચાર ઑફીસ બેગમાં,
તોય લાગે જીવતરનો ભાર ઑફીસ બેગમાં.

ફુલ, પીંછાં, છીપલાં એવું કશુંયે ના મળે,
હોય ચીજો કેટલી ભંગાર ઑફીસ બેગમાં !

થાય છે તાકીદઃ સાંજે ઘેર વહેલા આવજો,
ને પછી લઈ જાઉં છું તકરાર ઑફીસ બેગમાં.

હુંય છું મુસ્તાક એના વાર પર ને ધાર પર,
છે કલમરુપી ખરી તલવાર ઑફીસ બેગમાં !

રોજની આ ખેંચતાણોમાંય 'જોષી' જીવશું,
પુસ્તકોનો છે ઘણો આધાર ઑફીસ બેગમાં.

## .5.

ફુલથી તો થવાય ગુલદસ્તો,
આપણાથી બનાય ગુલદસ્તો ?

ભાવપુર્વક ખરીદી, કર અર્પણ,
આમ ના વેડફાય ગુલદસ્તો.

બીજુ કંઈ હોય તો બરાબર; પણ,
મોઢે થોડો મંગાય ગુલદસ્તો !

વાત કરવી નથી જરુરી કંઈ;
સ્મીત સાથે ધરાય ગુલદસ્તો.

આવું તો માણસો જ વીચારે;
ફુલ કાપો તો થાય ગુલદસ્તો !

હાથમાં શોભતો નથી એવો;
આંખમાં જો છવાય ગુલદસ્તો.

કાપવાની કળા શીખો ‘જોષી’,
કે બનાવી શકાય ગુલદસ્તો.

## .6.

જાદુ કેવો તમે ચલાવો છો !
* ફુલ થઈ ડાળને ઝુકાવો છો !

સૌને પોતાનું સ્વર્ગ લાગે અહીં,
એમ ઘર આપણું સજાવો છો.

જો હું કોઈ વીવાદ છેડું તો,
જીતવા દઈ મને હરાવો છો.

મારું મન જ્યારે માનતું ના હો;
મન તમારું તમે મનાવો છો.

ફક્ત આ હાથ ને કલમ મારાં,
શબ્દ થઈને તમે જ આવો છો.

(* પંક્તી સૌજન્ય: શ્રી ગૌરાંગ ઠાકર)

**.7.**

શ્યામ ચહેરાનું જ્યાં નુર થઈ વાંસળી,
એ પછી ખુબ મશહુર થઈ વાંસળી.

ફક્ત ટુકડો નહીંતર હતો વાંસનો,
કેટલી તોય ભરપુર થઈ વાંસળી !

ગુંજવા કોઈ વ્યાકુળ બન્યું કે તરત,
ફુંકમાંથી મધુર સુર થઈ વાંસળી.

એક તો છાક વાતાવરણનો હતો,
ને વધારામાં ચકચુર થઈ વાંસળી.

કર્ણમાંથી વહી સુર હ્રદયમાં ગયાં,
જાણે જમનાજીનું પુર થઈ વાંસળી !

આમ પલટાય છે જીંદગીનો પવન;
ચક્ર આવ્યું અને દુર થઈ વાંસળી.

**.8.**

બેઠો છું જીંદગીની અડધી સદી વટાવી,
ઈશ્વર તમેય બેસો, આસન અહીં જમાવી.

જોવાશે એ, જીવનનો હીસાબ થાશે ત્યારે,
રડમસ પળોને કોણે ને કેટલી હસાવી !

જીવનની મોજ માણી મીત્રો તમારી સાથે,
આવે હવે મરણ તો... કોની આ 'ના...ના' આવી ?

મારી નથી; છતાં પણ એવું થયા કરે કે,
હમણાં જ મારામાં આ દુનીયા લઉં સમાવી !

મહેમાનનો ભરોસો ના થાય, 'જોષી' ચાલો,
ભીતર સમું કરીને ઘર રાખીએ સજાવી.

**.9.**

જરી સાચવી લઉં વેલને, અહીં કંટકોભરી વાડમાં,
મળે ભેજ ક્યાંકથી, તો ફરી કશું થાય ફરતું આ નાડમાં.

આ લીલાશ જોઈ છકી ન જા, ન કુમાશનું અભીમાન કર,
અહીં પારધીપણું જાળવે છે હવા, વસંતની આડમાં.

તમે જે ગણો તે ભલે ગણો, મને પણ હતાં ઘણાં વળગણો,
એ બધાંય પર્ણો ખરી ગયાં, હવે એકલો છું હું ઝાડમાં.

મેં હરાવી છે ઘણી પાનખર; છતાં એ ફડક રહી ઉમ્રભર,
કે આ ગાત્ર સઘળાં થીજી જશે, આ સમયની એક જ ત્રાડમાં.

નથી આમ તો અહીં કોઈ અમર; છતાં એટલી છે મને ખબર,
હું સુકાઈનેય રહી જઈશ આ જનમ–મરણની બે ફાડમાં.

.10.

ઉપ્પરથી જન્મોના ફેરા સરખા લાગે,
અંદરથી સુખદુઃખના ઘેરા સરખા લાગે.

સૌના પગનો થાક અલગ છે, ઓ વણઝારા,
છો ને રણમાં તંબુ ડેરા સરખા લાગે !

કોઈ જાગે ને કોઈ ઉઠી ચાલી નીકળે,
બાકી સૌના રેનબસેરા સરખા લાગે.

છાપામાં લોહી જોયું તો બોલી ઉઠ્યોઃ
યે તો સાલા સબકા–મેરા સરખા લાગે !

કોની પાસ જવા નીકળ્યો'તો યાદ કરું છું;
અહીંયા તો બધ્ધાના ચહેરા સરખા લાગે !

## .11.

એમને કહો, હવે જવાબ આપે;
નહીં તો પાછું મને ગુલાબ આપે.

હું મને સાવ ભુલવા પર છું,
ને હજી ઓર તું શરાબ આપે !

હોય જો એ અમીર તો પહેલાં;
માના ધાવણનો એ હીસાબ આપે.

કંઈ જ કહેવાય ના ફકીરોનું;
આપે તો ચાંદ આફતાબ આપે !

એ વીણીને તો કંઈ નથી દેતો,
સારા ભેગું જરી ખરાબ આપે.

## .12.

વાતોય હોય કેવી નીરાળી ગુલાબની !
આજે જ લ્યો, સુગંધ મેં ચાળી ગુલાબની !

ઈંટોની વાડ આપણા ઘર વચમાં હો ભલે;
પણ એને હોવી જોઈએ પાળી ગુલાબની.

કાંટા વગાડતાં રહે ફરજંદ પેટનાં;
પણ માવજત કર્યા કરે માળી ગુલાબની.

આવ્યો બગીચે જઈ, હવે અડવું નથી કશે,
છે આ હથેળી પર હજી તાળી ગુલાબની.

કાંટા નહીં બધાંને ફુલો જ જોઈએ;
પણ દોસ્ત, જીંદગી તો છે ડાળી ગુલાબની.

**હેમાંગ જોષી**

કવીના ગઝલસંગ્રહ ‘વાતો ગુલાબની’ (પ્રકાશન વર્ષ : મે–2016, પૃષ્ઠ : 80, કીમત : 100 રુપીયા, પ્રકાશક: મનીષા જોષી, 33 અજંટાનગર, સીદ્ધનાથનગર રેલવે લાઈન સામે, ભરુચ–392 001)માંથી સાભાર....


કવીસમ્પર્ક :

હેમાંગ જોષી,

33-અજંટાનગર, સીદ્ધનાથનગર રેલવે લાઈન સામે, ભરુચ–392 001, Mobile : 966 205 7127

eMail : hemangjjoshi@gmail.com


@@@


‘સન્ડે ઈ.મહેફીલ’ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ : બારમું – અંક : 352 – 10 July, 2016

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


@@@


More than 3,24,40,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 61,13,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,55,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 3,33,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com


@@@@@@@@@